# બાળવિકાસના મુખ્ય સિદ્ધાંતો :-

(૧) મનોવિશ્લેષણાત્મક અભિગમ
- ફ્રોઇડનો સિધ્ધાંત
- એરીક્સનનો સિધ્ધાંત

(૨) વર્તનવાદ અને સામાજિક શિક્ષણનો સિધ્ધાંત
- પરમ્પરાગત વર્તનવાદ
- સામાજિક શિક્ષણનો સિધ્ધાંત
- વર્તનવાદ અને સામાજિક શિક્ષણના સિદ્ધાંતનું પ્રદાન અને મર્યાદાઓ

(૩) પિયાજેનો બોધાત્મક અને વિકાસાત્મક સિધ્ધાંત

---

આ ચેપ્ટેરમાં જૂદા જુદા મનોવૈજ્ઞાનિકો એ બાળકના વર્તનના વિકાસ માટે જે જે સિદ્ધાંતોની રચના કરી છે તેની સમાજ આપવામાં આવી છે.

## મનોવિશ્લેષણાત્મક અભિગમ :

આ અભિગમ ફ્રોઈડે રજુ કાર્યો છે. – તેના માટે વ્યક્તિત્વને સમજવા માટે તેની અચેતન ઈચ્છાઓ, જાતીયતાના વિચારો, આક્રમકતા, બાળપણના સંઘર્ષો વગેરેની જાણકારી મેળવવી પડે છે.- ચિકીત્સાત્મક પુરાવાના આધારે આ અભુગમ રચાયેલો છે તેથી તેને ચિકીત્સાત્મક અભિગમ કહે છે.

## (૧) વ્યક્તિત્વ બંધારણ :

ફ્રોઈડ ના મતે વ્યક્તિત્વનું બંધારણ ઇડ, ઈગો અને ઉપરી અહમ દ્વારા થાય છે.- ત્રણેય વર્તનના નિયંત્રણ માટે આંતરક્રિયા કરે છે.

*** ઇડ** :

જન્મજાત છે- વ્યક્તિત્વનું ઉદગમ સ્થાન – જન્મસમયે હાજર – ધીરે ધીરે બાળકમાં અહમ અને ઉપરી અહમનો વિકાસ થાય – ઇડ અચેતન અવસ્થા છે – તેની પ્રવૃત્તિ ફક્ત સુખ મેળવવું – ઇડ સારું-ખરાબ, ઉચિત-અનુચિત, સમય-સંજોગો વગેરેનું ધ્યાન આપ્યા વિના માત્ર પોતાના સુખનો જ વિચાર – જેમ નાનું બાળક પોતાની જરૂરિયાતો માટે ફક્ત રડવાનું વર્તન કરે છે. – રડવાથી સુખની પરિસ્થિતિ ઉદભવશે, આથી તે જરૂરિયાત તૃપ્તિ માટે રડે છે. – ઇડ મુખ્યત્વે બે પ્રયુક્તિઓને અપનાવે છે. – (૧) સહજ પ્રક્રિયા (૨) પ્રાથમિક પ્રક્રિયા.

સહજ પ્રક્રિયામાં ઇડ પોતાની મેળે જ પ્રતિક્રિયા કરી તણાવ ઓછો કરે છે. જેમ કે ઉધરસ ખાવી, છીંક ખાવી, આંખ પટપટાવવી, વગેરે –

પ્રાથમિક પ્રક્રિયામાં વ્યક્તિ જરૂરિયાતના સંતોષની ઈચ્છા કે વિચારો કરીને સંતોષ મેળવે છે. જેમ કે બે દિવસથી ભૂખી રહેલી વ્યક્તિ જમવાના વિચારો કરીને સંતોષ મેળવે –

ફ્રોઈડ જણાવે છે કે વ્યક્તિ જે સપના જુએ છે કે કલ્પનાઓ કરે છે, તે પણ તેની ઇડ ની જરૂરિયાતોને સંતોષરૂપ હોય છે.- તીવ્ર મનોવિકૃતિ વાળા દર્દીના માંતીભ્રમો પણ ઇચ્છાપુર્તીનો સંતોષ જ હોય છે.

**ઈગો** :-

જન્મ પછી થોડા દિવસ સુધી ઇડ ની પ્રવૃત્તિઓનું નિયંત્રણ- ત્યારબાદ ધીરે ધીરે બાળકમાં અહમ નો વિકાસ – અહમ વ્યક્તિમાં વાસ્તવિકતાનું દર્શન કરાવે – અહમ જ્યાં સુધી વાતાવરણને યોગ્ય પરિસ્થિતિ ન ઉદ્ભવે ત્યાં સુધી તણાવ ઓછો કરવાનું વિલંબિત કરે છે. – આમ અહમ એ વાસ્તવિકતાના સિધ્ધાંત દ્વારા નિયંત્રિત થતું હોય છે.- તેને વ્યક્તિત્વની કાર્યપાલક શાખા કહે છ.

**ઉપરી ઈગો** :

બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ માતા-પિતા સાથેના તાદાત્મ્યના કારણે ઉચિત-અનુચિત, યોગ્ય-અયોગ્ય, સારું-ખરાબ, વગેરેનું શિક્ષણ મેળવે છે.-

ઉપરી અહમ એ વ્યક્તિત્વની નૈતિક શાખા છે. – તે આદર્શવાદી સિદ્ધાંતોને અનુસરે છે. – આમ, સાચું ખોટું આ શાખા નક્કી કરે છે.

ઇડ, ઈગો અને સુપર ઇગોના વિકાસનો ક્રમ જોઈએ તો...

ઇડ માત્ર સુખ અને આનંદ શોધે છે.

ઈગો વાસ્તવિકતાને ચકાસે છે.

સુપર ઈગો એ માતા-પિતાએ આપેલા પ્રબલન દ્વારા વિકાસ પામે છે.

માતા-પિતા બાળકને શિક્ષણ આપે છે. – યોગ્ય-યોગ્યની સમજ આપે છે.

બાળકનો આંતર આત્મા વિકાસ પામે છે. – બાળકને સારા કાર્ય માટે બદલો મળે અને અનૈતિક કાર્ય માટે શિક્ષા મળે, આમ બદલો અને શિક્ષા દ્વારા ધીરે ધીરે બાળકનો ઉપરી અહમ વિકાસ થાય છે.

આમ ઇડ ઈગો અને સુપર ઇગોના વિકાસ અને નિયમન દ્વારા વ્યક્તિત્વમાં સુગ્રથિત વર્તન ઉદ્ભવે છે. – સંઘર્ષની સ્થિતિમાં કેટલીકવાર આ ત્રણેય એકબીજાના વિરોધી બની જાય છે.

## વ્યક્તિત્વ વિકાસ :

વ્યક્તિત્વ વિકાસમાં ફ્રોઈડ જીવનના પ્રથમ પાંચ વર્ષ ને ખુબ મહત્વના ગણે છે. આ મનોજાતીય વિકાસનો સમય હોવાથી ફ્રોઈડ તેને મનોજાતીય વિકાસના તબક્કાઓ કહે છે. જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) મુખ અવસ્થા | જન્મથી ૧ વર્ષ |
| (૨) ગુદા અવસ્થા | ૧ થી ૩ વર્ષ |
| (૩) લૈંગિક અવસ્થા | ૩ થી ૬ વર્ષ |
| (૪) સુષુપ્ત અવસ્થા | ૬ થી ૧૧ વર્ષ |
| (૫) પુખ્ત જાતીયતાની અવસ્થા | ૧૧ થી વધુ વર્ષ |

**(૧) મુખ અવસ્થા :** જન્મથી ૧ વર્ષના ગાળાને ફ્રોઈડ મુખ અવસ્થાનો તબક્કો ગણાવે છે. – આ અવસ્થામાં આનંદ મેળવવાનું ક્ષેત્ર મોમાં હોય છે. જેમાં બાળક સ્તનપાન કરવું, અંગુઠો ચૂસવો, હોઠ ચૂસવા, જડબાથી કોઈ વસ્તુ દબાવવી, કોઈપણ વસ્તુ મોમાં નાખીને આનંદ મેળવવો વગેરે જેવા વર્તનો કરે છે.

ફ્રોઇડના મતે મુખ અવસ્થામાં બાળક ક્યાં તો ઓછી ઉત્તેજના અનુભવે છે અથવા વધુ ઉત્તેજિત થાય છે. – આથી પુખ્ત વયે તેનામાં બે પ્રકારનું વ્યક્તિત્વ જોવા મળે છે.

(૧) મુખ નિષ્ક્રિય વ્યક્તિત્વ અને

(૨) મુખ આક્રમક વ્યક્તિત્વ

**મુખ નિષ્ક્રિય વ્યક્તિત્વ** ધરાવતી વ્યક્તિ આશાવાદી અને અન્ય વ્યક્તિ પર વિશ્વાસ ધરાવતી જોવા મળે છે, - તે અન્ય પર નિર્ભર હોય છે, તે નિષ્ક્રિયતાના ગુણો ધરાવે છે.

**મુખ આક્રમકતા** ધરાવતી વ્યક્તિ પોતાની જરૂરીયાતોની તૃપ્તિ માટે અન્ય પર પ્રભુત્વ ધરાવે છે, અન્યનું શોષણ કરતી જોવા મળે છે અને પરપીડન જેવી વિકૃતિ ધરાવે છે.

આમ ફ્રોઈડના મતે આ તબક્કો પુખ્ત વયે વ્યક્તિત્વ બંધારણમાં અગત્યનો ભાગ ભજવે છે.

**(૨) ગુદા અવસ્થા** : ૧ થી ૩ વર્ષનો ગાળો છે. – આ સમયે બાળકને મળ મૂત્ર વિસર્જનની તાલીમ અપાય છે. – તાલીમ સમયે માતાપિતા કા તો કડક નિયંત્રણો રાખે છે અથવા હળવા નિયંત્રણો રાખે છે.

બાળક આ વય દરમ્યાન ગુદાક્ષેત્ર દ્વારા કામુકતાનો અનુભવ કરે છે. – એટલે કે મળ-મૂત્ર ત્યાગની ક્રિયા દ્વારા આનદ મેળવે છે.

ફ્રોઈડ= અહીં ઓછી કે વધુ ઉત્તેજના દ્વારા વ્યક્તિ પુખ્તવયે બે પ્રકારના વ્યક્તિત્વ અનુભવે છે.

**(૧) ગુદા આક્રમક વ્યક્તિત્વ :** જેમાં વ્યક્તિ સ્વભાવે ક્રૂર, વિનાશક કે દ્વેષ ભાવવાળા હોય છે.

**(૨) ગુદા ધારણાત્મક વ્યક્તિત્વ :** જેમાં વ્યક્તિ જીદ્દી, કંજૂસ, સમયનિષ્ઠ જેવા ગુણોવાળા થાય છે.

**(3) લિંગ અવસ્થા (Phallic Stage)** : આ તબક્કો ૩ થી ૬ વર્ષનો છે. – અહીં બાળકની કામુકતાનું ક્ષેત્ર જનનેન્દ્રિય હોય છે. – ફ્રોઈડના મતે પ્રત્યેક છોકરામાં આ અવસ્થામાં માતૃ મનોગ્રંથિ (Oedipus Complex) અને દરેક છોકરીમાં પિતૃ-મનોગ્રંથિ (Electra Complex) નો વિકાસ થાય છે. આ બંને ગ્રંથીઓ સાર્વત્રિક રીતે જોવા મળે છે.

ઓડીપસ ગ્રંથિમાં છોકરો પોતાની માતાને પ્રેમ કરે છે અને પિતાની ધૃણા કરે છે. જયારે ઈલેકટ્રા ગ્રંથીમાં છોકરી પોતાના પિતાને પ્રેમ કરે છે અને માતાની ધૃણા કરે છે. ફ્રોઈડ જણાવે છે કે જે છોકરાઓમાં મનોજાતીય વિકાસનું સ્થિરીકરણ આ તબક્કામાં થાય છે, તેઓ પુખ્ત વયે ઉતાવળિયા, ઉચ્ચ મહત્વકાંક્ષી, શેખચલ્લીના સ્વભાવવાળા વગેરે ગુણો ધરાવે છે. – તથા જે છોકરીઓમાં મનોજાતીય વિકાસનું સ્થિરીકરણ આ તબક્કામાં થાય છે તે છોકરી સ્વચ્છંદી, વધુ પ્રેમ સબંધોવાળી, અલ્લડ સ્વભાવવાળી વગેરે ગુણો જોવા મળે છે.

**(૪) સુષુપ્તાવસ્થા (Latency Stage)** : આ તબક્કો ૬ થી ૧૧ વર્ષનો છે. – અહીં બાળકમાં જાતીય ઈચ્છાનું કોઈ નવું ક્ષેત્ર વિકાસ પામતું નથી, પરંતુ જાતીય ઈચ્છા સુષુપ્ત બની જાય છે. તેથી બાળકો વાતાવરણ સાથે મેળ બેસાડવા શિક્ષણ, ચિત્રકળા, રમતગમત વગેરે કલા-કૌશલ્યો તરફ પોતાનું ધ્યાન વાળે છે.

**(૫) પુખ્ત જાતીયતાની અવસ્થા (Mature Stage)** : ૧૧ વર્ષથી પુખ્તાવસ્થા સુધીનો ગાળો છે. – શરૂઆતમાં પોતાની જાતિની વ્યક્તિ સાથે જ રહેવાની ઈચ્છા ધરાવે છે. – ફ્રોઈડ તેને સજાતીય વૃત્તિ કહે છે અને દરેક વ્યક્તિ આવી સજાતીયતા અનુભવે છે. – પછી ધીરે ધીરે વિજાતીયતાનો વિકાસ થાય છે. – વિજાતીય પાત્રની પસંદગી પછી વ્યક્તિ પુખ્ત અને પરિપકવ પ્રેમ કરતા શીખે છે.

આમ, ફ્રોઈડ બાળકના મનોજાતીય તબક્કાઓ દર્શાવીને તેના વ્યક્તિત્વની પુખ્ત વયે થતી અસરો વિષે સમજ આપે છે. – જોકે કેટલાક નવ્ય મનોવિશ્લેષણવાદીઓ આમાં સુધારા સૂચવે છે. છતાં આ ક્ષેત્રમાં આવું તબક્કાવાર વિશ્લેષણ દર્શાવનાર સિગ્મંડ ફ્રોઈડ પ્રથમ હતા, જેથી બાળકના મનોજાતીય વિકાસની સમજ પ્રાપ્ત થઇ.

# એરિક્સને દર્શાવેલા જીવન વિકાસના તબક્કાઓ :

## પ્રસ્તાવના :

એરિક એરિક્સને ફ્રોઇડના વિચારોથી થોડા દુર જઈને વ્યક્તિત્વનો સામાજિક-ઐતિહાસિક રૂપમાં સ્વીકાર કરીને મનોસામાજિક સિધ્ધાંત આપ્યો છે. – એરિક્સનના મતે વ્યક્તિત્વ વિકાસમાં કેટલીક અવસ્થાઓ પૂર્વનિશ્ચિત અને સાર્વત્રિક હોય છે. – તેણે મનોસામાજિક અહમવિકાસની આંઠ અવસ્થાઓ દર્શાવી છે અને તે ક્રમસર આવે છે. જેના દ્વારા વ્યક્તિનો જૈવિક અને સામાજીક વિકાસ શક્ય બને છે.

## વ્યક્તિત્વના વિકાસ અંગેનો મનોસામાજિક સિધ્ધાંત :

### લક્ષણો :

(૧) વ્યક્તિના જીવનમાં કોઈ એક તબક્કે સંક્રાંતિકાળ આવે છે. જે વ્યક્તિની પરિપકવતા અને સામાજિક જરૂરિયાતના ફળસ્વરૂપે વ્યક્તિમાં ઉદભવે છે.

(૨)મનોસામાજિક અવસ્થાની સંક્રાંતિને વ્યક્તિએ દુર કરીને તેનું સમાધાન કરવું પડે છે. આથી વ્યક્તિમાં એક વિશેષ શક્તિ ઉદભવે છે.

(૩) દરેક અવસ્થામાં કર્મકાંડતા જોવા મળે છે, એટલે કે સમાજના અન્ય સભ્યો સાથેની આંતરક્રિયા, જીવનની મહત્વપૂર્ણ બાબતો માટેના કાર્યો, વ્યક્તિનું ધ્યાન પોતાના પર કેન્દ્રિત કરવું, વગેરે.

## વિકાસની અવસ્થાઓ :

એરિક્સને વ્યક્તિત્વના વિકાસની આંઠ અવસ્થાઓ (તબક્કાઓ) આપી છે, જે નીચે પ્રમાણે છે.

| અવસ્થાઓ | વય |
|---|---|
| (૧) શૈશવ અવસ્થા | જન્મથી ૧ વર્ષ |
| (૨) પ્રારભિક બાલ્યાવસ્થા | ૧-3 વર્ષ |
| (3) ખેલકૂદ અવસ્થા | 3-૬ વર્ષ |
| (૪) શાળા અવસ્થા | ૬-૧૧ વર્ષ |
| (૫) કિશોરાવસ્થા | 12-19 વર્ષ |
| (૬) આરંભિક પુખ્તાવસ્થા | 20-23 વર્ષ |
| (૭) મધ્ય પુખ્તાવસ્થા | 30-60 વર્ષ |
| (8) પરિપકવતા | ૬૫ થી ઉપરની વય |

### (૧) શૈશવ અવસ્થા : વિશ્વાસ વિરુદ્ધ અવિશ્વાસ
(Infancy : Trust versus Mistrust) :

આ અવસ્થા જન્મથી એક વર્ષ સુધી ચાલે – ફ્રોઇડની મુખ અવસ્થાને મળતી આવે – અહીં બાળકમાં વિશ્વાસની ભાવનાનો વિકાસ થાય છે. – માતા બાળકની કેવી દેખભાળ રાખે છે તેના પરથી બાળકમાં વિશ્વાસ-અવિશ્વાસ ઉદભવે છે.- સંપૂર્ણ દેખભાળ, પ્રેમથી ઉછેર તો વિશ્વાસ જન્મે – તિરસ્કાર તો અવિશ્વાસ – આમ બાળક પોતાના સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણને અને પોતાના અસ્તિત્વને સમજી શકે છે.

## (૨) પ્રારંભિક બાલ્યાવસ્થા : સ્વતંત્રતા વિરુદ્ધ શરમ:

૨ થી ૩ વર્ષની વય – ફ્રોઇડની ગુદા અવસ્થા સાથે મળતી આવે – જો પ્રથમ અવસ્થામાં બાળક વિશ્વાસ કેળવી શકે, તો બીજી અવસ્થામાં તેનામાં સ્વતંત્રતાનો ગુણ વિકાસ પામે – બાળકના બધા જ કામની જવાબદારી માતા-પિતા પોતે લઇ લે ત્યારે બાળકને પોતાનામાં ક્ષમતા નથી એવું સ્વીકારીને શરમ અનુભવે છે. –સાથે સાથે પોતાના કાર્ય પ્રત્યે શંકા, જીવનની વ્યર્થતા, શક્તિહીનતા વગેરે મનોસામાજિક વલણોનો વિકાસ થાય છે.

જયારે સ્વત્રંત્રતા વિરુદ્ધ શરમના સંઘર્ષનું સફળતાપૂર્વક સમાધાન કરી લે ત્યારે તેનામાં ઈચ્છાશક્તિનો જન્મ થાય છે. – આ ઇચ્છાશક્તિ બાળકમાં સ્વતંત્રતાના ગુણો વિકસાવે છે – અને પોતાની પસંદગી અનુસાર કાર્ય કરવામાં મદદ કરે છે.

## (૩) ખેલકૂદ અવસ્થા : શરૂઆતનો વિકાસ વિરુદ્ધ દોષ

આ અવસ્થા ૩ થી ૬ વર્ષની છે. – લિંગ અવસ્થાને મળતી – અહીં એને બીજાના કાર્યો કરવામાં ખુબ આનંદ આવે છે – જવાબદારીનું વહન કરવામાં મજા આવે છે – એને એવું લાગે છે કે પોતે એક વિશેષ વ્યક્તિત્વ છે. – પરંતુ માબાપ આવી કોઈ જવાબદારી સોપાતા નથી ત્યારે તે દ્વેષભાવ અનુભવે છે.

એરિક્સનના મતે આ દ્વેષભાવ ચાલુ રહે તો વિકૃતિની પ્રવૃત્તિ પણ જોવા મળે છે. – આ અવસ્થામાં બાળકમાં નાટક ભજવવા દ્વારા જુદી જુદી ભૂમિકા ભજવવાની ક્ષમતાનો વિકાસ થાય છે.

## (૪) શાળા અવસ્થા : ઉદ્યમ વિરુદ્ધ લઘુતા

આ અવસ્થા ૬ થી ૧૧ વર્ષની છે. – ફ્રોઇડની સુષુપ્ત અવસ્થાને મળતી – શાળામાં બાળક શિક્ષકો અને સહાધ્યાયીઓ પાસેથી જુદા જુદા કૌશલ્યો શીખે છે.

તેનામાં ઉદ્યમ કરવાનો ભાવ વિકાસ પામે છે – શિક્ષકો બાળકોને પ્રોત્સાહન આપે છે આથી બાળકો વધુ કૌશલ્યો વિકસાવવા તરફ ધ્યાન આપે છે, - પરંતુ વિવિધ કૌશલ્યોમાં અસફળ રહે તો તેનામાં લઘુતાગ્રંથિ બંધાય છે. – ઘણીવાર જ્ઞાતિ કે જાતિને આધારે પણ તેઓ લઘુતા અનુભવે છે. – જયારે આ ઉદ્યમ વિ. લઘુતાના સંઘર્ષનું સમાધાન થાય ત્યારે બાળકમાં વિશેષ રૂપે મનોસામાજિક શક્તિ ઉદભવે છે, જેથી તે પોતાની શારીરિક અને બૌદ્ધિક ક્ષમતાઓનો ઉચિત ઉપયોગ કરવાનું સામર્થ્ય મેળવે છે.

## (૫) કિશોરાવસ્થા : અહમ ઓળખ વિ. ભૂમિકા ભ્રમ

આ અવસ્થા 12 થી 19 વર્ષ સુધીની હોય છે.- અહીં કિશોર-કિશોરી અત્યાર સુધીમાં પોતે મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરી સ્વ-ઓળખ બનાવવાનો પ્રયત્ન કરે છે. - બાલ્યાવસ્થાના ખરાબ અનુભવો કે વર્તમાન પ્રતિકુળ પરિસ્થિતિઓ સતત ચાલ્યા કરે, તો કિશોર- કિશોરીઓ સ્વ-પ્રત્યક્ષીકરણ યોગ્ય રીતે કરી શકતા નથી – જેને પરિણામે ભૂમિકા ભ્રમ ઉદભવે છે. – તેઓ પોતાના માટે નિષેધક ઓળખ અનુભવે છે.

ઉદ્દેશ્યહીનતા, વ્યક્તિગત વિઘટન કે વ્યર્થતાની ભાવના અનુભવે છે. – આવી ભ્રમયુક્ત ભૂમિકા વધુ લાંબા સમય સુધી ચાલુ રહે તેવું તેઓ ઈચ્છે છે. – એરિક્સન તેને મનોસામાજિક વિલંબન તરીકે ઓળખાવે છે.

## (૬) આરંભિક પુખ્તાવસ્થા : ઘનિષ્ઠતા વિ. અલગાવ

આ અવસ્થા 20 થી 30 વર્ષ સુધીની હોય છે. – અહીં વ્યક્તિ લગ્ન કરે છે અને ગૃહ જીવનમાં પ્રવેશે છે. – તે સામાજિક અને કૌટુંબિક ઘનિષ્ઠ સબંધો બાંધે છે. – જો આ અવસ્થામાં ઘનિષ્ઠ સબંધો બાંધી ના શકાય તો વ્યક્તિમાં અસમાંજીકતા કે વિકૃતિ ઉદભવે છે. –તેઓ કામધંધા પ્રત્યે રસ ધરાવતા નથી – તેઓ સબંધો બાંધે છે તે લાગણી વગરના હોય છે.– જો આ સંઘર્ષમાં સફળ નીવડે તો તેમનામાં સ્નેહ કે

પ્રેમની શક્તિ ઉદભવે છે. – આવા લોકો બીજા પ્રત્યે પ્રેમ દર્શાવે છે. – મિત્રતા રાખે છે. – અને સારા સબંધો બાંધે છે.

## (૭) મધ્ય પુખ્તાવસ્થા : ઉત્પાદકતા વિ. સ્થિરતા

આ અવસ્થા લગભગ 30 થી 60 વર્ષ સુધી ચાલે છે. – અહીં વ્યક્તિમાં સર્જનાત્મક શક્તિ કે ઉત્પાદન શક્તિનો ભાવ ઉત્પન્ન થાય છે. – આ શક્તિ એટલે હવે પછીની પેઢીના બાળકોના કલ્યાણની ભાવના તથા સમાજને ઉન્નત બનાવવાની ઈચ્છા. – જો આવી ઈચ્છા વ્યક્તિમાં ના ઉદભવે તો તેવા વ્યક્તિઓની સ્થિરતા ઉત્પન્ન થવાનો ડર વધે છે. બીજી પેઢીના બાળકો વિષે ચિંતા રહેતી નથી. વળી, તેઓ પોતાના જ સુખ-સગવડો માટે કાર્યરત રહે છે.

આ અવસ્થામાં ઉત્પાદકતા વિરુદ્ધ સ્થિરતાના સંઘર્ષનું સફળતાપૂર્વક સમાધાન થાય, ત્યારે વ્યક્તિમાં વિશેષ મનોસામાજિક શક્તિ ઉદભવે છે, - જેને :સંભાળ" એવું નામ એરિક્સન આપે છે. – આવી વ્યક્તિઓ નવી પેઢીના બાળકોના વિકાસ માટે તત્પર રહે છે.

## (8) પરિપકવતા : અહમ સંપૂર્ણતા વિ. નિરાશા

આ અવસ્થા એ જીવનની અંતિમ અવસ્થા છે. – જે ૬૫ વર્ષથી મૃત્યુ સુધીની ગણાય છે. અહીં વ્યક્તિ ભવિષ્યના બદલે ભૂતકાલીન બનાવો, સફળતા-અસફળતા વગેરે પર વધુ ધ્યાન આપે છે – જે વ્યક્તિઓ પોતાના ભૂતકાળમાં સફળ ના થઇ શક્યા હોય તેઓ નિરાશા અનુભવે, પોતાના નિસહાય કે નિર્બળ સમજે છે. – અને જે લોકો આ અવસ્થામાં સમન્વય સ્થાપી શકે, તો તેઓની જીંદગી સાર્થક થઇ હોય એવું તેઓ અનુભવે છે. – તેઓ પોતાના પુત્ર કે પુત્રી કે પૌત્ર-પૌત્રીની સાથે રહીને આનંદથી સમય પસાર કરે છે.

આમ જીવનની છેલ્લી અવસ્થા સુધી તબક્કાવાર જીવન ચાલ્યા કરે છે.